Home Office

# સ્ત્રીઓ અને છોકરીઓને હિંસા માંથી છુટકારો મેળવવા માટેના ત્રણ પગલાંઓ

1. હિંસાનો રિપોર્ટ કરવો
2. હિંસા માંથી છટકવાના પગલાં લેવા
3. હિંસા માંથી સુરક્ષિત રહો

કાળા અને લઘુમતિ વર્ણીય (black and minority ethnic (BME)) સ્ત્રીઓ અને બાળકો માટે માર્ગદર્શિકા

આ પત્રિકાના નિર્માણના ભાગીદાર છે

Southall Black Sisters

આ પત્રિકા તમને જણાવે છે કે હિંસા અને અપમાનજનક વર્તણૂકથી ભાગી છૂટવામાં કેવી રીતે મદદ મળે અને કેવી રીતે સલામત રહેવું. તમે તેનો ઉપયોગ કરીને તમારા મિત્રની પણ મદદ કરી શકો છો.

આ પત્રિકા કાળા અને લઘુમતિ વર્ણીય સ્ત્રીઓ અને બાળકો જે મુદ્દાઓનો સામનો કરી રહ્યાં છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે તે ઉપરાંત, તેમાં તે પણ જાણકારી સમાવે છે જે કોઈપણ રાષ્ટ્રીયતા અથવા વંશીય પૂર્વભૂમિકાના લોકો, જે કૌટુંબિક અને જાતીય હિંસાના પીડિતો છે, તેમની મદદ કરવા માટે ઉપયોગમાં લઇ શકાય છે.

આ પત્રિકા વાંચન સરળતા માટે હિંસા અને અપમાનજનક વર્તણૂકના પીડિતો / બચેલાઓનો મહિલા તરીકે ઉલ્લેખ કરે છે અને ગુનેગારોનો પુરુષ કારણ કે તે જબરજસ્ત રૂપે મોટા ભાગના કિસ્સાઓને પ્રતિબિંબિત કરે છે. જોકે, તેનો અર્થ એ નથી થતો કે હિંસા અને અત્યાચાર સમલિંગી સંબંધોમાં અથવા મહિલાઓ દ્વારા પુરુષો સામે નથી થતાં.

આ પત્રિકા સૌથોલ બ્લેક સિસ્ટર્સ સાથે સંયુક્તપણે લખાઈ છે.

# 1. સ્ત્રીઓ અને છોકરીઓ સામે હિંસા શું છે?

સ્ત્રીઓ અને છોકરીઓની હિંસામાં નીચે આપેલી હિંસક અને અપમાનજનક વર્તનની શ્રેણીનો સમાવેશ થાય છે:

- કૌટુંબિક હિંસા
- જબરદસ્તીથી લગ્ન
- દહેજનો દુરૂપયોગ
- સ્ત્રી જનન અંગછેદન / કાપવું (મહિલા સુન્નત)
- સન્માન આધારિત હિંસા – સન્માનના નામમાં અપરાધ
- લૈંગિક હિંસા
- બળાત્કાર
- લૈંગિક હુમલો
- સતાવવું અને ત્રાસ દેવો

અત્યાચાર તમારો દોષ નથી અને તમારે તેને સાથે સહન કરવાની જરૂર નથી.

ત્રણ પ્રકારના પગલાઓ છે જે તમારે લેવા જોઈએ:

1. હિંસાનો રીપોર્ટ કરો
2. હિંસાથી છુટકારો મળે તેના માટે પગલાં લેવા
3. હિંસાથી સુરક્ષિત રહો

જો તમને ક્યારેય એવું લાગે છે કે તમે તરત જ જોખમમાં છે, તો **999** પર પોલીસને ફોન કરો. તમારે પોલીસને ફોન કરવા માટે ડરવાનું નહીં. કૌટુંબિક અને જાતીય હિંસા તથા નુકસાનકારક વ્યવહારના તમામ સ્વરૂપો ગંભીર ગુનાઓ છે, અને પોલીસ તમારું અને તમારા બાળકોનું રક્ષણ કરી શકે છે. એજન્સીઓ, BME મહિલા સેવાઓ સહિત પણ તમને સહાયતા અને આધાર આપી શકે છે (પત્રિકામાં આપેલ અંતમાં યાદી જુઓ).

# 2. કૌટુંબિક હિંસા

કૌટુંબિક હિંસા એક જીવનસાથી / ભૂતપૂર્વ સાથી અથવા કુટુંબના સભ્ય (સાસરિયાં પક્ષ સહિત) તરફથી અત્યાચારનું વલણ છે કે જે ઘણા સ્વરૂપો લઈ શકે છે:

- તે ભૌતિક અત્યાચાર હોઈ શકે જેવું કે મારવું અથવા લાત મારવી
- તેમાં ભાવનાત્મક અત્યાચાર એટલે ધમકી, માનસિક ત્રાસ અને તમારી સાથે સંબંધ હોવાનો ઇનકાર કરવો અથવા તમને અથવા તમારા બાળકોને મારી નાખવાની ધમકીઓનો પણ સમાવેશ થઇ શકે
- તે નિયંત્રિત પણ હોય શકે - એટલે કે તમને તમારા પોતાના પર ઘરથી બહાર જવાની અથવા તમારા કુટુંબ અથવા મિત્રો સાથે સંપર્ક કરવા માટે અથવા પૈસા વપરાશ અથવા તમારા પસંદગીના નોકરી મેળવવા માટે પરવાનગી નથી
- જાતીય સતામણી અને ત્રાસ દેવો બંને પણ કૌટુંબિક અને જાતીય અત્યાચારના એક લક્ષણ હોઈ શકે છે
- તે બળાત્કાર હોઈ શકે - પરણેલા હોવાનો અર્થ એ નથી કે તમારા પતિને તમારી મરજી સામે તમારી સાથે સંભોગનો અધિકાર છે

એ સમજવું મહત્વનું છે કે તમારો દોષ નથી અને તમારે તે સહન કરવાનું જરૂરી નથી. કોઈ પણ હુમલાના, અત્યાચારના અથવા અપમાનના પાત્ર નથી, સૌથી ઓછામાં ઓછા તેમના કુટુંબ અથવા સાથી દ્વારા તો નહિ જ.

## આપના અત્યાચાર કરનારનું વર્તન બદલાવાની જરૂર છે નહિ કે તમારું

કૌટુંબિક હિંસા ‘સન્માન આધારિત હિંસા’ તરીકે જ હોય જો તે કુટુંબ / સમુદાયના માન ને બચાવવામાં થાય છે અથવા તમને લાગતું હોય કે તમે અત્યાચારીને નથી છોડી શકતા કારણ કે તમને તેમના પર શરમ અને કલંક લાવવાનો ભય છે (સન્માન આધારિત હિંસા પરનો વિભાગ જુઓ).

કૌટુંબિક હિંસા માટે સરકારની પરિભાષા છે:

જે 16 વર્ષ અથવા તેનાથી વધુ ઉંમરના લોકો જેઓ હાલમાં અથવા અગાઉ ઘનિષ્ઠ ભાગીદારો રહ્યાં છે અથવા કુટુંબના સભ્યો છે, લિંગ અથવા લૈંગિકતા પર ધ્યાન આપ્યા વગર, તેમની વચ્ચે અંકુશ રાખવાના, બળજબરી કરવાના અથવા ધમકી ભર્યા વર્તનના, હિંસા અથવા અત્યાચારના કોઈપણ બનાવ અથવા બનાવોની પેટર્ન છે.એ નીચેના પ્રકારોના અત્યાચારોને આવરી લઇ શકે છે, પરંતુ મર્યાદિત નથી:

- માનસિક
- ભૌતિક
- જાતીય
- નાણાકીય
- ભાવનાત્મક

"નિયંત્રણમાં રાખતું વર્તણૂક છે: એક વ્યક્તિને તાબે અને / અથવા નિર્ભર બનાવવા માટે રચાયેલ કૃત્યોની એક શ્રેણી છે જે તેમને આધારના સ્રોતથી અલગ કરીને પોતાના વ્યક્તિગત લાભ માટે તેમના સંસાધનો અને ક્ષમતાનું શોષણ કરે છે, તેમને સ્વતંત્રતા, પ્રતિકાર અને છટકી જવા માટે જરૂરી સાધનોથી વંચિત રાખે છે અને તેમના રોજિંદા વર્તનનું નિયમન કરે છે

સખ્તીનું વર્તણૂક છે: હુમલો,ધમકી, અપમાન અને ડરાવવાનું અથવા અન્ય અત્યાચારનું એક કૃત્ય અથવા કૃત્યોની એક પેટર્ન જે તેમના ભોગ બનનારને હાનિ પહોંચાડવા, સજા આપવાં અથવા ડરાવવા માટે હોય છે[1]."

1 આ વ્યાખ્યા, કે જે એક કાનૂની વ્યાખ્યા નથી, તેમાં કહેવાતા ‘સન્માન’ આધારીત હિંસા, સ્ત્રીના જનનેન્દ્રિયોનું અંગછેદન (FGM) અને દબાણથી લગ્ન કરાવવાનો સમાવેશ થાય છે અને સાફ કહે છે કે ભોગ બનેલા લોકો એક લિંગ અથવા વંશીય જૂથ માટે જ બંધિયાર નથી.

# 3. બળાત્કાર અને લૈંગિક અત્યાચાર

એક અજાણી વ્યક્તિ, ઓળખીતા, મિત્ર, કુટુંબના સભ્યઅથવા સાથી / ભૂતપૂર્વ-સાથી સાથે બળાત્કાર અને જાતીય અત્યાચાર કોઇ પણ વ્યકિતને અને કોઇ પણ સમયે થઇ શકે છે. જો તમે સંભોગને સંમતિ નથી આપી, ગમે ત્યાં તે થાય છે અને જે કોઈની સાથે તે થાય છે તો પછી તે બળાત્કાર છે અને તે ગુના છે.

- કન્સેન્ટનો અર્થ એ થાય કે તમે સક્રિયતાથી સંભોગ કરવાનું પસંદ કરો છો અને આમ કરવા માટે સંમત છો
- કોઇને માટે પણ એ ધારણા કરવાનો અધિકાર નથી કે તમે સંમતિ આપી છે– તેઓ કોણ છે અથવા તેમની સાથે તમારો સંબંધ શું છે એ કઈ મહ્ત્વનું નથી
- અનિચ્છનીય સ્પર્શ જાતીય હુમલો છે અને તે એક ગુનો પણ છે

**જો તમારી સાથે બળાત્કાર કરવામાં આવ્યો છે અથવા તમારી પર જાતિય હુમલો કરવામાં આવ્યો છે, તો તે યાદ રાખવાનું અગત્યનું છે કે દોષ તમારો નથી.**

તેવી સંસ્થાઓ છે કે જે તમને મદદ કરી શકે છે અને એ નક્કી કરવામાં તમને મદદ કરે છે કે શું તમારે તેનો પોલીસને અહેવાલ કરવા માંગો છો. તેઓ હિમાયત અને પરામર્શ પણ પુરા પાડી શકે છે. જો તમને ખબર હોય કે તમે તેનો પોલીસને અહેવાલ કરવા માંગો છો, તો તમારે તે શક્ય એટલું જલદી કરવું જોઈએ.

તમે તમારા વિસ્તારમાં સંસ્થાઓની વિગતો કે જે મદદ કરી શકે છે સહિત વધુ માહિતી મેળવી શકો છો આ કરવાથી:

- નેશનલ રેપ ક્રાઇસિસ હેલ્પલાઇન ને ફોન કરો 0808 802 9999
- જુઓ રેપ ક્રાઇસિસ (ઇંગ્લેંડ અને વેલ્સ) ની વેબસાઇટ www.rapecrisis.co.uk
- જુઓ ધ સર્વાઇવર્સ ટ્રસ્ટ વેબસાઇટ www.thesurvivorstrust.org

# 4. જાહેર ભંડોળ પર કોઈ આશ્રય નહિ (નો રીકોર્સ)

જો તમે યુકેમાં એક પતિ અથવા પત્ની, એક  અપરિણીત સાથી, એક બ્રિટિશ સિટિઝન હોય તેવાં અથવા યુકેમાં સ્થાયી એક બિન નાગરિકના સમલિંગી અથવા સિવિલ ભાગીદાર તરીકે દાખલ થયાં કે રહ્યાં છો અને જો તમારા સંબંધના પ્રથમ પાંચ વર્ષ (જેમણે 9 જુલાઇ 2012 પહેલાં સ્પાઉઝલ વિઝા મેળવ્યો છે તેમના માટે બે વર્ષ) દરમ્યાન કૌટુંબિક હિંસાના પરિણામે તમારા સંબંધ તૂટી ગયેલ છે, તો તમે કાયમ માટે સ્થાયી કરવાની પરવાનગી માટે અરજી કરી શકો છો ('ઇનડેફિનેટ લીવ ટુ રિમેન' તરીકે પણ જે ઓળખાય છે) જે સામાન્ય રીતે 'ડોમેસ્ટિક વાયોલેન્સ રુલ'. તરીકે ઓળખાય છે તેની હેઠળ.

જો તમારા વીઝામાં 'નો રીકોર્સ ટૂ પબ્લિક ફંડ્સ' શબ્દોની સમાવતી છે, તો તમે જાહેર ભંડોળ માટે હકપાત્ર નથી જેમ કે લોકલ કાઉન્સિલના હાઉસિંગ વિભાગ તરફથી રહેઠાણ, અને મોટા ભાગના સોશિયલ સીક્યૂરિટી બેનિફિટ્સ. તેમછતાં પણ, જો તમે ગર્ભવતી હો, તમારા બાળકો છે અથવા અમુક અન્ય રીતે સંવેદનશીલ છો, જેમ કે માનસિક સ્વાસ્થ્ય અથવા અન્ય તબીબી પરિસ્થિતિ અથવા ડિસેબિલિટી છે, તમારે ટેકા માટે કાઉન્સિલની સોશિયલ કેર સર્વીસીસ (એક સોશિયલ વર્કર) નો સંપર્ક કરવો જોઈએ (આવું કરો તે પહેલાં શક્ય હોય તો, સલાહ લેવી). અમુક વિઝા પર, તમે કાઉન્સિલના કાઉન્સિલ હાઉસિંગ અને બેનિફિટ્સ, માટે દાવો કરી શકે છે, જેથી તમારે હંમેશા તપાસ કરવી જોઈએ એ જોવા માટે કે આ શક્ય છે

1 એપ્રિલ 2012 થી, એક પતિ, પત્ની અથવા સાથી જેઓ નિરાધાર છે અને કૌટુંબિક હિંસાના શિકાર તરીકે અમર્યાદિત સમય સુધી રહેવા માટે લાયક પાત્ર છે તેઓ આ ડેસ્ટિટ્યૂશન ડોમેસ્ટિક વાયોલન્સ રાહત (DDV) હેઠળ જાહેર ભંડોળ મેળવવા માટે અરજી કરી શકે છે.  આ રાહત હેઠળ જેઓ પાત્ર હોય છે તેમની રજા, અને તે રજા સાથે સંકળાયેલ શરતો અલગ અલગ કરવામાં આવશે જેથી તેમને જાહેર ભંડોળનો આશ્રય મળી શકે. આ રાહત હેઠળ 3 મહિના માટે કામચલાઉ રજા આપવામાં આવશે તે સમય દરમિયાન તમારે ડોમેસ્ટિક વાયોલન્સ નિયમ હેઠળ અમર્યાદિત સમય સુધી રહેવાની રજા માટે અરજી કરવી જ પડશે. અમે ભલામણ કરીએ છીએ કે યુકે બોર્ડર એજન્સીને અરજી કરવા પહેલાં તમે કાનૂની સલાહ મેળવો તે જોવા માટે કે તમારી રજા મંજૂર થવાનો તમને અધિકાર છે કે નહિ. વૈકલ્પિક રીતે, તમે સીધા જ યુકે બોર્ડર એજન્સીને અરજી કરી શકો છો આ DDV રાહત હેઠળ (સૂચના ફોર્મ્સ અને માર્ગદર્શન માટે

જુઓ www.ukba.homeoffice.gov.uk/visas-immigration/while-in-the-uk/domestic-violence)

આ એપ્લિકેશનમાં તમારા આધાર માટે તમે BME અને અન્ય મહિલા સંસ્થાઓનો સંપર્ક કરી શકો છો.

લંડનમાં રહેતા મહિલાઓ જેઓ DDV રાહત હેઠળ મદદ મેળવવા માટે અસમર્થ છે, તેઓ હાઉસિંગ અને ગુજરાનના નાણાકીય આધાર માટે સૌથોલ બ્લેક સિસ્ટર્સનો પણ સંપર્ક કરી શકે છે. તમે ઇમેઇલ કરી શકો છો info@southallblacksisters.co.uk અથવા ફોન કરો 020 8571 0800.

# 5. UK માં સ્થાયી થવાની પરવાનગી માટે અરજી કરવી

કૌટુંબિક હિંસાના પીડિતો જે જીવનસાથી, સિવિલ, અવિવાહિત અથવા સમાન લિંગના સાથીદાર વિઝા પર UK માં દાખલ થયાં છે, તેઓ ઇમ્મિગ્રેશન રુલ્સ હેઠળ UK માં કાયમી રહેવા માટે પરવાનગી માટે અરજી કરી શકે છે. એક કૌટુંબિક હિંસાના શિકાર તરીકે સ્થાયી થવાની પરવાનગી આપવામાં આવે તે માટે, તમારે સાબિત કરવું જ જોઈએ કે તમને ઉપર આપેલ વર્ગો માંથી એક માંથી UK માં દાખલ થવાની અથવા રહેવાની પરવાનગી આપવામાં આવી છે અને તમે કૌટુંબિક હિંસાના શિકાર હતા અને તે કારણે તમારા સંબંધ તમારી દાખલ કરવા માટે અથવા રહેવાની પરવાનગી પૂરી થાય તે પહેલાં તૂટી ગયાં.

UK માં કૌટુંબિક અથવા અન્ય સ્વરૂપોની હિંસાના પીડિતો જેઓ અન્ય પ્રકારોના વિઝા પર છે તેમને સમર્થન માટે અથવા રહેમિયત કે અન્ય કારણોસર ઈમિગ્રેશન રુલ્સની બહાર UK માં રહેવાની અરજી કરવા અંગે સલાહ લેવી.જો તેઓ ઘર પરત થાય તો અત્યાચારથી ડરતા મહિલાઓ આશ્રય અથવા માનવતાવાદી રક્ષણ ના દાવા વિશે પણ સલાહ લઇ સકે છે. તમારે UK માં રહેવા માટેની અરજી તમારા વિઝા સમાપ્ત થઈ જાય તે પહેલાં સુપ્રત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. તમે હજુ પણ એક મોડી અથવા 'આઉટ ઓફ ટાઇમ' ની અરજી કરવા માટે સલાહ લઇ શકો છો તેમછતાં પણ, તમારે તે વિલંબ માટે કારણ સમજાવો જ જોઈએ.

ઇમ્મિગ્રેશન, અસાઇલમ અને બેનિફિટ્સ રુલ્સ અને જોગવાઈઓ બદલાય શકે છે જેથી તમારે હંમેશા આ બાબતો પર સલાહ લેવી જોઈએ.

તમારે યોગ્ય લાયકાત ધરાવનાર એક ઇમીગ્રેશન સેવા અથવા વકીલનો શક્ય એટલી જલ્દીથી સંપર્ક કરવો જોઇએ, પ્રાધાન્ય પ્રમાણે કોઈ વ્યકિત જેને જાહેર નિધિ મળે છે (લીગલ એઈડ હેઠળ). તેઓ તમને UK માં તમારા રહેવાના સંદર્ભમાં આગળ શું કરવું તેની સલાહ આપવા માટે સમર્થ હશે. આ મદદ ક્યાંથી મેળવવાની તેની સલાહ માટે, અને આ માટે સામાન્ય આધાર માટે અને હાઉસિંગ અને નાણાકીય સહાય કેવી રીતે મેળવવા માટે, એસાયલમ સપોર્ટ સહિત, BME મહિલાઓ અને ઇમીગ્રેશન સલાહ સંસ્થાઓ સાથે સંપર્ક કરો.

ઇમીગ્રેશન સંબંધિત વધુ માહિતી માટે, www.ukba.homeoffice.gov.uk/while-in-uk/domesticAbuse/ પર જાઓ અથવા ઇમેઇલ: UKBApublicenquiries@ukba.gsi.gov.uk. તમે UK બોર્ડર એજન્સીને સંપર્ક પણ કરી શકો છો આ ટેલિફોન નંબર પર: 0870 606 7766.

# 6. ‘સન્માન’ આધારિત હિંસા – અત્યાચાર (HBV)

‘સન્માન’ આધારિત હિંસા અથવા ‘સન્માન’ ગુનો એક હિંસા કૃત્ય છે જે અત્યાચારી દ્વારા સમજાવવામાં આવ્યું છે કે તે કુટુંબ / સમુદાયના ‘સન્માન’ રક્ષણના હેતુથી કરવામાં આવ્યું છે આ ગુનાઓમાં સમાવેશ થાય છે:

- કૌટુંબિક અને લૈંગિક હિંસા
- જબરદસ્તીથી લગ્ન
- જાતીય સતામણી
- વિસ્તૃત કુટુંબ અથવા સમુદાયના સભ્યો દ્વારા કરવામાં આવતા. સામાજિક અસ્વીકાર અને નિયંત્રણ અને અપમાનજનક વ્યવહારના અન્ય સ્વરૂપો.

મહિલાઓ HBVનો અનુભવ કરે છે જો તેઓ પર આરોપ મૂકાય છે કે તેઓ પરંપરાગત સાંસ્કૃતિક અને ધાર્મિક અપેક્ષાઓ માટે અનુકૂળ નથી, ઉદાહરણ તરીકે સમાવેશ થાય છે:

- મેક-અપ અથવા પશ્ચિમી કપડાં પહેરવા
- એક બોયફ્રેન્ડ રાખવાથી અથવા એ પુરુષ જે કુટુંબ સભ્ય ન હોય સાથે એકલા જોવામાં આવે તો
- લગ્ન બહાર સગર્ભા
- અલગ ધર્મ કે રાષ્ટ્રીયતા માંથી કોઇ સાથે સંબંધ રાખવાથી
- જબરદસ્તી લગ્નનો ઇનકાર
- અફવાઓ / અણઘટતું વર્તણૂક કરતા જોવામાં આવે

HBV માં, જોખમો વધુ હોઈ શકે કારણ કે ઘણા અત્યાચારીઓ વિસ્તૃત કુટુંબ અથવા સમુદાય નેટવર્કમાં હોય શકે, જે સ્ત્રીઓની કનડગત અથવા અત્યાચાર કરવામાં વધુ આયોજીત હોય શકે છે. પરિવાર અથવા સમુદાયમાં અન્ય લોકો શિકારને દબાણ આપી શકે છે કે તેઓ અપમાનજનક પરિસ્થિતિમાં પાછા જાય અથવા તેમને ટેકો આપવામાં નિષ્ફળ થાય છે.

**પીડિતોએ તેમને પોતાને અને તેમના બાળકોને સુરક્ષિત રાખવા તાત્કાલિક મદદ લેવી**

# 7. જબરદસ્તીથી લગ્ન

દબાણ લગ્ન એ છે જ્યારે કોઈ વ્યક્તિને પોતાની મરજી અને પરવાનગી વગર કોઈ અન્ય સાથે તેમના લગ્ન કરવામાં આવે છે. એક દબાણ લગ્ન એ લગ્ન છે જેમાં લગ્ન કરવા માટે ક્યાં તો એક અથવા બંને પતિ અને પત્નીની સંમતિ નથી, અથવા સંમતિ માટે ક્ષમતાનો અભાવ છે અને તેમાં જબરદસ્તી સામેલ છે. આમાં શારીરિક, લૈંગિક, મનોવૈજ્ઞાનિક, નાણાકીય અને લાગણીશીલ દબાણ સમાવેશ કરી શકે છે.

એક દબાણ લગ્ન એક ગોઠવાયેલા લગ્નથી ખૂબ જ અલગ છે. એક ગોઠવાયેલા લગ્નમાં કુટુંબો ભાગીદારોની પસંદ અને પરિચય કરાવવામાં ભૂમિકા ભજવી શકે છે. એ ગોઠવણ સ્વીકારવી કે નહી તે માટેની પસંદગી એ સંભવિત પતિ અને પત્નિ પાસે જ રહેવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો – મુખ્ય વસ્તુ જેની પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે એ છે પસંદગી – વ્યક્તિઓ હંમેશા મુક્તપણે પસંદ કરવામાં સમર્થ હોવા જોઈએ.કે તેઓ કોની સાથે લગ્ન કરવા છે કે નથી કરવા.

અમુક કિસ્સાઓમાં, લોકોને વિદેશમાં લઈ જવામાં આવ્યાં છે એ જાણ્યા વિના કે તેઓ લગ્નના દબાણમાં આવશે. જ્યારે તેઓ દેશમાં આવે છે ત્યારે તેમનો પાસપોર્ટ તેમની પાસેથી લેવામાં આવે છે અને તેમને જણાવી શકે છે કે તેઓને ઘર પાછા જવાની મંજૂરી નથી. એવી ખાસ આધાર સેવાઓ છે અને મદદ માટે કાનૂની પગલાં ઉપલબ્ધ છે જો તમને અથવા તમારા કોઇ જાણીતાને દબાણથી લગ્ન કરાવવામાં આવે છે. તેમાં દબાણ લગ્ન રોકવા માટે અથવા છોડી દેવામાં મદદ કરવા માટે સિવિલ કોર્ટનો હુકમ મેળવવામાં તમને મદદ કરવાનો સમાવેશ થાય છે. જો તમે ચિંતિત છો, તો તમારે કોઈને કહેવું જોઈએ જેની પર તમને ભરોસો છે જેમ કે એક શિક્ષક, પોલિસ અથવા એક નિષ્ણાંત આધાર સંસ્થાનો સંપર્ક કરવો જોઇએ (પત્રિકામાં આપેલ અંતમાં યાદી જુઓ).

તમે સૌથોલ બ્લેક સિસ્ટર્સ નો સંપર્ક કરી શકો છો 020 8571 0800 અથવા તેમને ઇમેઇલ કરો info@southallblacksisters.co.uk

ગવર્નમેંટનું ફોર્સ્ડ મૅરેજ યૂનિટ બ્રિટિશ સિટિઝન્સ, જેઓ UK અને વિદેશમાં એક દબાણ લગ્નના શિકાર બનવાના જોખમમાં, અથવા સંભવિત જોખમમાં છે, તેમના માટે આધાર અને જાણકારી પૂરી પાડવા માટે જવાબદાર છે તમે તેમનો સંપર્ક કરી શકો છો 0207 008 0151 અથવા જુઓ તેમની વેબસાઇટ www.fco.gov.uk/forcedmarriage

# ૪. દહેજ અત્યાચાર

લગ્ન પર તેમની સાથે પૂરતી દહેજ ન લાવવા માટે અમુક કિસ્સાઓમાં, સ્ત્રીઓને સતાવ્યા પણ હોઈ શકે અથવા તેમની પર અત્યાચાર કરવામાં આવી શકે, લગ્ન દબાણથી થયા હોય કે નાં હોય.

અતિશય દહેજની માંગમાં મોટા પ્રમાણમાં રોકડ, મિલકત, જ્વેલરી, અથવા અન્ય ખર્ચાળ માલ પૂરા પાડવાની આવશ્યકતાઓને સમાવેશ થાય છે.

કોઇ પણ પ્રકારનો અત્યાચાર સ્વીકાર્ય નથી અને તમારે પોલીસ અને સ્ત્રીઓ સંસ્થાઓ, ખાસ કરીને BME મહિલા સેવાઓ પાસેથી મદદ લેવી જોઈએ. જો તમારે તમારી દહેજ પાછી લેવાનો દાવો કરવો હોય અથવા તમારું રક્ષણ કરવા માટે કોર્ટ ઓર્ડરો જોઈતા હોય તો તમે એક કુટુંબી વકીલનો પણ સંપર્ક કરો

તમે સૌથોલ બ્લેક સિસ્ટર્સનો પણ 020 8571 0800 પર સંપર્ક કરી શકો છો અથવા તેમને info@ southallblacksisters.co.uk પર ઇમેઇલ કરો.

# 9. સ્ત્રી જનન અંગછેદન કાપવું (FGM)

બિન-તબીબી કારણોસર સ્ત્રી જનન અંગછેદન / કાપવું તેમાં માદાના જનનેન્દ્રિયોને બહારથી અંશતઃ અથવા કુલ રૂપે કાઢવાનો અને અન્ય ઈજાનો સમાવેશ થાય છે. UKમાં આ ગુનો છે, ભલે તે વ્યકિતને અંગછેદન માટે વિદેશ લઇ જવામાં આવે. તે ક્યારેક મહિલા સુન્નત અથવા 'સુન્ના' તરીકે પણ ઓળખાય છે.

**FGM ના ગંભીર આરોગ્ય પરિણામો છે, બંને અંગછેદન સમયે ચેપનો ઊંચા જોખમનો સમાવેશ થાય છે અને જીવન પર પછીથી લાંબા ગાળાના અસમર્થતા, ગર્ભવસ્થા અને બાળજન્મમાં ગંભીર સમસ્યાઓ, અને મૃત્યુ પણ.**

જો તમે FGM ના જોખમમાં છો અથવા વ્યકિત જે FGM ના UK અથવા વિદેશમાં જોખમ પર હોઈ શકે તેના અંગે તમને ચિંતા છે, તો એક વ્યવસાયિક જેના પર તમને વિશ્વાસ છે જેમ કે એક શિક્ષક, એક નર્સ કે ડૉકટર સાથે વાત કરો, અથવા તે પોલીસ અને સોશિયલ કેર સર્વીસીસ ને અહેવાલ કરો. તમે નિષ્ણાત BME મહિલા સંસ્થાનો પણ સંપર્ક કરી શકો છો અથવા નિષ્ણાત FGM ક્લિનિક. તમે તમારી નજીકની નિષ્ણાત ક્લિનિક માટે www.forwarduk.org.uk/resources/support/well-woman-clinics પર જઇને તપાસ કરી શકો છો

# 10. તમારા માટે મદદ

અમે જાણીએ છીએ કે અપમાનજનક સંબંધ છોડવું કેટલું મુશ્કેલ છે; કુટુંબ અને સમુદાયના સભ્યોમાંથી સાંસ્કૃતિક કે ધાર્મિક દબાણોનું નિરાકરણ, અને તમારા ઇમીગ્રેશનની સ્થિતિ ઉપર અને આધાર મેળવવા પર ચિંતા છે. **તમારે મદદ માટે પૂછવામાં ભયભીત ન થવું જોઈએ.**

જો તમને ઇંગલિશ બોલવામાં અસમર્થ હશો, તો મોટા ભાગના કાનૂની એજન્સીઓ તમને સ્વતંત્ર દુભાષિયો પ્રદાન કરવા માટે સમર્થ હશે.. જો તમે ચિંતિત છો કે દુભાષિયો તમારા કુટુંબને તમારા વિષે કહેશે, તો તમે અલગ ઈન્ટરપ્રીટર માટે પૂછી શકો છો.

જેના પર તમે વિશ્વાસ કરો છો તેમની સાથે વાત કરો અને પોલીસ અથવા નિષ્ણાત કૌટુંબિક અથવા લૈંગિક હિંસા સંસ્થા કે સલાહકારને અત્યાચારની જાણ કરો.

આ એજન્સીઓ તમારા માટે ઉપલબ્ધ કાનૂની વિકલ્પો સમજાવશે, તમારા અત્યાચારી સામે ફોજદારી કાર્યવાહી સહિત અને તમારી અને તમારા બાળકોની રક્ષા માટે સિવીલ અથવા કુટુંબ કોર્ટ ઓર્ડર. આ એજન્સીઓ નીચે લખેલ પર પણ સલાહ આપી શકે છે:

- હાઉસિંગ
- પૈસા મુદ્દાઓ
- આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય, સ્વ-નુકસાન સહિત
- સોશિયલ કેર
- શિક્ષણ અને બાળકોની જરૂરિયાતો

જો તમે ઘરે રહેતા હો, તો તે મહત્વનું છે કે ભવિષ્ય માટે કેટલીક યોજનાઓ બનાવવી જો તમારે હિંસા અને અત્યાચારના પરિણામે ઘર છોડવું પડે. નીચેના ને સુરક્ષિત રીતે ઘરે અથવા, પ્રાધાન્ય પ્રમાણે, વિશ્વસનીય મિત્ર સાથે રાખો:

- મહત્વના દસ્તાવેજો જેમ કે જન્મ પ્રમાણપત્રો, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, ઇમીગ્રેશન દસ્તાવેજો, કોર્ટ ઓર્ડર અને કાનૂની, મિલકત અને નાણાકીય કાગળો અને વધારાના ક્રેડિટ અને ડેબિટ કાર્ડ,

- તમારા અને તમારા બાળકો માટે કપડાં અને એક વધારાની ફ્રન્ટ દરવાજા અને કારની ચાવી, મોબાઇલ ફોન, સંપૂર્ણપણે ચાર્જ કરેલો ક્રેડિટ સાથે, રોકડ અને અન્ય મહત્વનું વસ્તુઓ સાથે વધારાની નિયત દવા

પરંતુ જો તમારે જવું જ પડે અને જો જઈ શકો તમે આ સામાન તમારી સાથે ન લઇ જઈ શકો તો ચિંતા નહીં કરો – તમે પોલીસ સાથે પાછા આવીને તે લઇ શકો છો.

**જો આવું કરવા માટે સલામત હોય, તો તમે તમારા બાળકો તમારી સાથે લઇ જાઓ.** જો ન હોય તો, પોલીસ, કુટુંબના વકીલનો સંપર્ક કરો અને મદદ મેળવવા માટે કૌટુંબિક અત્યાચાર મહિલા સંસ્થા કે સલાહકાર.

વિચાર કરો ત્રણ સુરક્ષિત સ્થળો જ્યાં તમે કટોકટીમાં જઈ શકો:

- પોલીસ સ્ટેશન
- એક મિત્રને ઘર
- વીમેન્સ રેફ્યૂજ અથવા કૌટુંબિક / જાતીય હિંસા ટેકો એજન્સી

# 11. મદદ અને સહાય

## એમર્જેન્સી નંબર અને કૌટુંબિક હિંસા હેલ્પલાઇન

- **પોલીસ, એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ:** 999 (મફત ફોન 24 કલાક)
- **નેશનલ કૌટુંબિક હિંસા હેલ્પલાઇન:** 0808 2000 247 (મફત ફોન 24 કલાક) વિમેન્સ એઇડ અને રેફ્યૂજ વચ્ચે ભાગીદારીમાં ચલાવવામાં આવે છે

## નિષ્ણાત હેલ્પલાઇનો

- **સૌથોલ બ્લેક સિસ્ટર્સ**
  (કૌટુંબિક / લૈંગિક હિંસા અનુભવી રહી BME મહિલાઓ દહેજને સંબંધીત અત્યાચાર, માટે, જબરદસ્તીથી લગ્ન, દહેજને સંબંધીત અત્યાચાર, મહિલા સુન્નત, સન્માન આધારિત હિંસા અને ઇમ્મિગ્રેશન / નો રીકોર્સ સમસ્યાઓ
  હેલ્પલાઇન: 020 8571 0800
  વેબસાઇટ: www.southallblacksisters.org.uk
- **ફોર્સ્ડ મૅરેજ યૂનિટ**
  હેલ્પલાઇન: 0207 008 0151
  વેબસાઇટ: www.fco.gov.uk/forcedmarriage
- **સ્ટૉકિંગ હેલ્પલાઇન**
  હેલ્પલાઇન: 0808 802 0300
  વેબસાઇટ: www.stalkinghelpline.org
- **રેપ ક્રાઇસિસ** (ઇંગ્લેંડ અને વેલ્સ)
  હેલ્પલાઇન: 0808 802 9999 (મફત ફોન)
  વેબસાઇટ: www.rapecrisis.org.uk

## નોરધન આયર્લૅન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સ માટે હેલ્પલાઇન

- **નોરધન આયર્લૅન્ડ વિમેન્સ એઈડ** 24 **કલાક ડોમેસ્ટિક અબ્યૂસ હેલ્પલાઇન**
- હેલ્પલાઇન: 028 9033 1818
- **સ્કૉટિશ ડોમેસ્ટિક અબ્યૂસ હેલ્પલાઇન**
  હેલ્પલાઇન: 0800 027 1234
- **ઓલ વેલ્સ ડોમેસ્ટિક અબ્યૂસ એન્ડ સેક્સ્યુઅલ વાયોલેન્સ**
  (વેલ્શ વોમેન્સ એઈડ) હેલ્પલાઇન: 0808 80 10 800
- **ધ ડીન વેલ્સ / ડીન ખીમરુ હેલ્પલાઇન:** 0808 801 0321
- **BAWSO** (વેલ્સની BME સ્ત્રીઓ માટે)
  હેલ્પલાઇન 0800 731 8147 (24 કલાક)
- **રેપ ક્રાઇસિસ સ્કૉટલેંડ**
  હેલ્પલાઇન: 08088 010302 (મફત ફોન)
- **નોરધન આયર્લૅન્ડ રેપ ક્રાઇસિસ એન્ડ સેક્સ્યુઅલ અબ્યૂસ Centre**
  હેલ્પલાઇન: 028 9032 9002 (મફત ફોન)

## FGM (મહિલા સુન્નત)

- **ફાઉંડેશન ફોર વીમેન્સ હેલ્થ રિસર્ચ એન્ડ ડેવેલપમેંટ** (ફોરવર્ડ)
  હેલ્પલાઇન: 020 8960 4000
  વેબસાઇટ: www.forwarduk.org.uk
- **મેટ્રોપોલિટન પોલીસ**
  (ચાઈલ્ડ અબ્યૂસ ઇન્વેસ્ટિગેશન કમાંડ / પ્રોજેક્ટ અઝ્યુર)
  હેલ્પલાઇન: 020 7161 2888

## ઇમ્મિગ્રેશન અસાઇલમ એન્ડ નો રીકોર્સ

- **સૌથોલ બ્લેક સિસ્ટર્સ**
  **હેલ્પલાઇન:** 020 8571 0800
  **વેબસાઇટ:**
  www.southallblacksisters.org.uk
-
- **જોઇન્ટ કાઉન્સિલ ફોર ધ વેલ્ફેર ઓફ ઇમ્મિગ્રન્ટસ**
  હેલ્પલાઇન: 020 7251 8708
- **અસાઇલમ એઈડ**
  હેલ્પલાઇન: 0207 354 9264

## અન્ય

- **બ્રોકન રેનબો** (લેસ્બિયન, ગે, બાઇ-સેક્ષુયલ, ટ્રાન્સજેન્ડર માટે)
  હેલ્પલાઇન: 0300 999 5428
- **મેન્સ અડ્વાઇઝ લાઇન**
  હેલ્પલાઇન: 0808 801 0327
- **રીસ્પેક્ટ અડ્વાઇઝ લાઇન**
  (હેલ્પલાઇન લોકો જે તેમના ભાગીદારો તરફ અપમાનજનક છે અને બંધ કરવા માટે મદદ માંગે છે તેમની માટે માહિતી અને સલાહ આપવી)
  હેલ્પલાઇન: 0808 802 4040
- **ચાઇલ્ડલાઇન** (24 કલાક મફત હેલ્પલાઇન બાળકો માટે) હેલ્પલાઇન: 0800 1111
- **સેમેરિટન્સ** (મફત 24 કલાક હેલ્પલાઇન જો તમને ડિપ્રેશનની લાગણી છે)
  હેલ્પલાઇન: 08457 90 90 90
- **ધ એન કાફ્ટ ટ્રસ્ટ**
  શીખવાની અક્ષમતાવાળાં લોકોનું અત્યાચાર માંથી રક્ષણ કરવું
  હેલ્પલાઇન: 0115 951 5400
- **રીસપોંડ** (શીખવાની મુશ્કેલીઓ વાળા લોકોને સમર્થન આપતા, તેમના પરિવારો, સંભાળ રાખનારા કેરરો અને ટ્રોમા અને અત્યાચાર દ્વારા અસરગ્રસ્ત વ્યાવસાયિકોને સમર્થન આપતા)
  હેલ્પલાઇન: 0808 808 0700
- **વૉઇસ યૂકે** (શીખવાની અક્ષમતાવાળાં લોકો અને અન્ય સંવેદનશીલ લોકો જેમણે અપરાધ અથવા અત્યાચારનો અનુભવ કર્યો છે તેમના માટે ટેકો)
  હેલ્પલાઇન: 0845 122 8695

Gujarati

Home Office

ISBN: 978-1-84987-632-2
હોમ ઓફિસ દ્વારા પ્રકાશિત © ક્રાઉન કોપીરાઇટ 2012

નકલો ઓનલાઇન જોઈ શકાય છે:
www.homeoffice.gsi.gov.uk/crime/violence-against-women-girls

recycle
When you have finished with this publication please recycle it

75% recycled
This publication is printed on 75% recycled paper